# સેકટરોના બગીચાઓમાં એલઈડી લાઈટ નંખાશે

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરના બગીચાઓ લાંબા સમયથી કંગાળ હાલતમાં છે. મેન પાવરના અભાવ વચ્ચે ઉદ્યાનોની સારસંભાળ લેવા માટે માળીઓ પણ નથી. જયારે સાંજ ઢળતા જ બગીચાઓમાં અંધારપટ્ટ છવાઈ જાય છે.આવા સંજોગોમાં બગીચાઓની રોનક નિખરે તે માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. બગીચાઓમાં એલ ઈ ડી લાઈટનુ અજવાળુ પથરાય તે માટે તંત્ર દ્વારા સર્વે હાથ ધરી કામગીરી હાથ ધરાશે

ગાંધીનગરના બગીચાઓમાં સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઈ જતો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. જયારે આ ઉદ્યાનોમાં જાળવણીનુ કામ પણ વિસરાતા આનુસંગિક સુવિધાઓ પણ ખાડે ગઈ છે. શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી આ બગીચાઓ સેકટરમાં આગવુ આકર્ષણનુ કેન્દ્ર ગણાંતા હતા. પરંતુ જાળવણીના અભાવે બગીચાઓ કંગાળ બનતા જાય છે. બગીચાઓમાં બાળકો માટેના આનંદ પ્રમોદના સાધનો પણ જોવા મળતા નથી. બીજીતરફ આ સાધનો જયાં છે ત્યાં તુટેલી હાલતમાં જોવા મળે છે. કોર્પોરેશન દ્વારા નગરના બે મુખ્ય ઉદ્યાનો ઉપરાંત સેકટરોમાં કેટલાક બગીચાઓની કાયાપલટ કરવામાં આવી છે. પરંતુ સેકટરોના બગીચાઓમાં હજુ સુધી કાંઈ થયુ નથી. જયારે સેકટરોના મોટાભાગના ઉદ્યાનોમાં વર્ષો અગાઉ મુકવામાં આવેલી સોલાર લાઈટ પણ કામ કરતી નથી. જેના લીધે સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઈ જાય છે.

જયારે આ સ્થિતિને ધ્યાને લઈ સેકટરોના બગીચાઓમાં અજવાળુ પાથરવા તંત્ર દ્વારા સર્વે હાથ ધરાશે. જેના અંતે બગીચાઓમાં એલ ઈ ડી લાઈટ નાંખવા માટે કામ હાથ ધરાશે. નગરના સેકટરોમાં સ્થિત ઉદ્યાનો વર્ષોથી કંગાળ બની રહ્યા છે. જયારે હરિયાળી અને રોનક ગુમાવતા આ ઉદ્યાનોને નિખારવા માટે પણ નક્કર આયોજન થતુ નથી. ત્યારે સે-૭ ના બગીચાઓની જેમ સે-૩ સહીતના સેકટરોમાં પણ બગીચાઓનો વિકાસ કરી નયનરમ્ય બનાવવામાં આવે તેવી માંગ પણ સ્થાનિકોમાં ઉઠવા પામી છે.



પુષ્પવર્ષા - અડાલજ ત્રિમંદિરના પ્રાંગણમાં જોવા જેવી દુનિયાના અગિયાર દિવસના ઉત્સવમાં ગુરૂવારે દાદા ભગવાનના ૧૧૧મા જન્મદિવસની ભવ્યાતિભવ્ય ઉજવણી કરાઈ હતી... જગત કલ્યાણની ભાવના જેમના રોમેરોમમાં હતી એવા દાદા ભગવાનના જન્મદિને હેલીકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા કરાઈ હતી... પુષ્પવર્ષા દરમિયાન સર્જાયેલ દિવ્ય વાતાવરણમાં ભાવિકો ભાવસભર બન્યા હતા...

# મેયરના મતનું બંધ કવર ખોલવાના કેસમાં આજની મુદત

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર ડે. મેયરની ચૂંટણીના પરિણામ જાહેર કરવાનો સસ્પેન્સ વધુ એક દિવસ માટે લંબાયો છે.

આજે રાજયની વડી અદાલતમાં મેયર પ્રવણ પટેલના મતનું બંધ કવર ખોલવાનું અને પછી વડી અદાલતમાં વિધિવત પરિણામ જાહેર થવાનું હતું પરંતુ ૨૩મીની મુદત પડતાં આ કેસ વધુ એક દિવસ માટે લંબાઈ જવા પામેલ છે. બીજી તરફ કોંગ્રેસના કાઉન્સીલર અંકિત બારોટના કેસમાં પણ આવતીકાલની મુદત પડી હોવાથી પરિણામને લઈ વધુ રાહ જોવી પડે તેવી શકયતાઓ પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે. ૫મી નવેમ્બરના રોજ ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભામાં નવા મેયર અને ડે. મેયર તેમજ સ્થાયી સમિતિના સભ્યોની ચૂંટણી યોજવામાં આવી હતી. ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર સામે ચાલી રહેલ પક્ષાંતરધારા ભંગની ફરિયાદને પગલે રાજયની વડી અદાલતે મેયરનો મત બંધ કવરમાં રાખવાની અને કોર્ટમાં ખોલી પરિણામ જાહેર કરાશે તેવા આદેશ આપ્યા હતા આને કારણે વિધિવત પરિણામ જાહેર થયું નથી.

# જિલ્લામાં ધીમી ગતિએ રવિ સીઝનની વાવણીને આગળ ધપાવતા ખેડૂતો

## ઘઉંનો વાવેતર વિસ્તાર ઘટવાની સંભાવના : ચણા, તમાકુ, શાકભાજી તેમજ ઘાસચારાનું વાવેતર વધ્યુ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝનની વાવણી ધીમી ગતિએ આગળ વધી રહી છે. આજે પૂર્ણ થયેલ સપ્તાહને અંતે જિલ્લામાં ૧૭,૮૩૯ હેક્ટર વિસ્તારમાં વાવેતર થવા પામ્યું છે.

જિલ્લામાં આ વખતે તમાકુ, ચણા, અડદ, રાઈ અને વરિયાળીનું વાવેતર અગાઉની સરખામણીએ વધતુ જોવા મળી રહ્યુ છે. જોકે ૪૦ ટકાથી પણ વધુ વાવેતર ખેડૂતોએ પશુપાલનની પ્રવૃત્તિને ધ્યાને રાખી ૮૪૧૫ હેક્ટરમાં ઘાસચારાનું વાવેતર થયેલ છે.

ઘઉંનું વાવેતર ૩૦૯૩ હેક્ટરમાં ચણા, ૨૪૩ હેક્ટર, રાઈ-૬૬૧ હેક્ટરમાં, તમાકુ-૮૧૬ હેક્ટર, જીરૂ-૨ હેક્ટરમાં, વરિયાળી-૬૦૬ હેક્ટર, બટાટા-૨૪૪૨ હેક્ટરમાં અને શાકભાજીનું વાવેતર ૧૫૬૧ હેક્ટરમાં થયુ છે.

જિલ્લામાં ઠંડીનું જોર ઘટતાં ઘઉંની વાવણીમાં ખેડૂતો થોડાક ધીરા પડ્યા છે. જો કે તમાકુ અને ચણાની ખેતી પર ખેડૂતોએ આ વખતે વધુ રસ દાખવ્યો છે. આ પાકને પિયતની ઓછી સુવિધાથી પણ પકવી શકાય તેમ હોવાથી ખેડૂતોએ તેની વાવણીને અગ્રતા આપી છે.

● અનુસંધાન પાન-૩ પર

# સગીરા પર દુષ્કર્મ આચરવાના કેસમાં આરોપીને આજીવન કેદની સજા

ગાંધીનગર તા ૨૨

જિલ્લાના રાયપુર ગામમાં સગીરા સાથે દુષકર્મ આચરવાના કેસમાં ગાંધીનગર કાર્ટે આરોપીને આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. કોર્ટે આરોપીને રૂ ૫ હજારનો દંડ પણ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા ૩ ડિસેમ્બર વર્ષ ૨૦૧૬ ના રોજ ગાંધીનગર જિલ્લાના રાયપુર ગામમાં રામાપીર વાસમાં રહેતા આરોપી કાળાજી ઉર્ફે કાળિયો અતાજી ડાભીએ ખારી નદી બાજુમાં આવેલ બાવળની જાડીમાં સગીરાને લલચાવી ફોસલાવી દુષ્કર્મ આચર્યુ હતુ. આ બનાવ સંદર્ભે ડભોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. જયારે કોર્ટમાં ચાર્જશીટના અંતે આ કેસ ગાંધીનગરની એડીશ્નલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ એસ એસ પંડયાએ સાહેદો તપાસ્યા હતા. જયારે જિલ્લા સરકારી વકીલ હિતેશ એન રાવલે કોર્ટ સમક્ષ દલીલો કરી હતી કે આરોપીએ

● અનુસંધાન પાન-૩ પર

# હરિદ્વાર કથા શ્રવણ કરવા જતા નિવૃત ડીવાય. એસ.પી.નુ ટ્રેઈન અકસ્માતમાં મોત

**અલવર સ્ટેશન પર ચા પીવા નીચે ઉતર્યા અને ટ્રેક પર પગ લપસ્યો.. ટ્રેઇન ફરી વળી.. ઘટનાના ત્રણ કલાક બાદ પરિવારજનોને જાણ થતા ચેઇન ખેંચી ટ્રેઇન રોકી તો કરુણ અંજામ સામે આવ્યો : શહેરમાં અગાઉ ટ્રાફિક પી આઇ તરીકે પણ ઉમદા ફરજ અદા કરી હતી : સે-૩ ના રહીશોમાં પણ ઘેરા શોકની લાગણી**

ગાંધીનગર તા ૨૨

આજના ભાગદોડ ભર્યા સમાજ જીવનમાં ગમે ત્યારે ઘટના કે દુર્ઘટના સર્જાતી હોય છે. ગમે તે ક્ષણ જીવનની અંતિમ ક્ષણ બનતા સામાજિક જીવનમાં પણ આવી ઘટનાઓના ઘેરા પ્રત્યાઘાત પડતા હોય છે. પલવારમાં જ ખુશીના બદલે દુખનો માહોલ છવાઈ જાય છે. હરિદ્વારમાં પરિવારજનો અને પડોશીઓ સાથે કથાનુ શ્રણણ કરવા માટે નિકળેલા નિવૃત ડી વાય એસ પી પરેશ ત્રિવેદી ટ્રેઈન નીચે આવી જતા અચાનક જ તેમનુ કરુણ મોત નિપજયુ છે. આ કરુણ બનાવથી નગરજનોમાં પણ શોકની લાગણી વ્યાપી છે. સે-૩ એ ન્યુમાં રહેતા પરેશભાઈએ શહેરમાં પણ ટ્રાફિક પી આઈ તરીકે અગાઉ ઉમદા સેવા પુરી પાડી હતી.

ગાંધીનગરમાં સે-૩ એ ન્યુમાં મહાદેવ મંદિરની સામે રહેતા નિવૃત ડીવાય. એસ. પી. પરેશ ત્રિવેદી ગઈકાલે પોતાના પરિવારજનો અને પડોશી સાથે હરિદ્વારમાં કથાનુ શ્રવણ કરવા માટે ટ્રેઈન મારફતે રવાના થયા હતા. જયારે રાત્રિના ટ્રેઈન અરવલ સ્ટેશને પહોંચતા નીચે ઉતર્યા હતા. જયારે સ્ટેશન પર ચા પીધા બાદ ટ્રેઈનમાં પરત બેસવા જતા હતા તે વેળાએ ટ્રેઈન ઉપડી હતી. ટ્રેઈનમાં ચઢવા જતા પરેશભાઈનો પગ સ્લીપ થતા ગેજના ભાગમાં પટકાયા હતા. જયારે ટ્રેઈન ફરી વળતા તેમના હાથ કપાવાની સાથે તેમને શરીરના ભાગે ગંભીર ઈજા થતા તેમનુ મોત નિપજયુ હતુ. જયારે મોડી રાત્રિના સમયે આગળ વધતી ટ્રેઈનમાં બેઠેલા તેમના પરિવારજનો તેમજ પડોશીઓ આ ઘટનાથી તદન અજાણ હતા. બે ત્રણ કલાકના સમય બાદ પરેશભાઈ ટ્રેઈનમાં ન દેખાતા આ અંગે ટ્રેઈનમાં જ શોધખોળ અને પુછતાછ કરી હતી. જયારે પરેશભાઈની ભાળ ન મળતા તેમના પરિવારજનોએ ચેઈન ખેંચીને ટ્રેઈન અટકાવી હતી. ચા પીધા બાદ પરત ટ્રેઈનમાં ન બેઠેલા નિવૃત પોલીસ અધિકારીની ભાળ મેળવવા માટે પરિવારજનો અધીરા બન્યા હતા. આખરે તપાસના અંતે આ કરુણ બનાવ સામે આવ્યો હતો. તેમના આ દુખદ અવસાનથી પરિવારજનો પર આભ ફાટી પડયુ હતુ. હરિદ્વારમાં કથા સાંભળવા માટે ગયેલા પરેશભાઈનુ કરુણ અકસ્માતમાં અચાનક જ મોત નિપજતા પરિવારજનો અને પડોશીઓ પણ ઘેરા શોક અને દુખમાં ગરકાવ થઈ ગયા છે. ગુરુવારે મોડી રાત્રે સ્વર્ગસ્થનો મૃતદેહ ગાંધીનગર લાવવામાં આવશે. સેકટરમાં પણ આ બનાવથી ઘેરા શોકની લાગણી વ્યાપી છે.


નૂતન વર્ષાભિનંદન સહ...

**જ્યોતિ મહિલા મંડળ**

જ્યોતિ મહિલા મંડળની તમામ બહેનો 'ગાંધીનગર સમાચાર અને ગાંધીનગરની તમામ બહેનોને નવા વર્ષની શુભકામના તેમજ શુભ આશીર્વાદ સહ આપ સર્વના જીવનમાં સુવર્ણ ઉજાસ પ્રસરાવે તેવી શુભેચ્છાઓ સહ...

ડો. ચેતનાબેન બુચ – પ્રમુખ
લત્તાબેન ચોક્સી – સ્થાપક પ્રમુખ
પુષ્પાબેન મહેતા – ઉપપ્રમુખ
નિરૂબેન નાયક – ઉપપ્રમુખ
મીનાબેન શાહ – ઉપપ્રમુખ
હર્ષાબા ધાંધલ – સેક્રેટરી
કોકિલાબેન નાયક – ખજાનચી

તથા મંડળની સર્વ બહેનોના શુભ આશીષ સહ...







Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com